# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૫ • સળંગ અંક ૭૬ • મુંબઈ • માર્ચ, ૨૦૧૩ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજનશ્રી,**

**જય જિનેન્દ્ર !**

***કુદરતના ક્રમથી તો ભલભલા ડરે છે,***
***કે જવાનીના દિવસો ક્યાં કદિ પાછા મળે છે;***
***એકવાર આપી હતી વિદાય આવજો કહીને,***
***જનારા હૃદયમાંથી ક્યાં કદિ પાછા ફરે છે ?***

સંબંધોની સંવેદના જાગતિક સત્ય છે પણ પ્રચૂર લાગણી ક્યારેક આપણને વધુ પડતાં આવેશમય બનાવી દે છે. આપણે એક સત્ય સમજવું જરૂરી છે કે લાગણીના વાવેતરમાં દુ:ખ સિવાય કંઈ જ ઉગતું નથી એમ માનવા કરતાં **ખરે લાખો સિતારા છતાં ગગન ખાલી નથી થતું** એવો પર્યાય કે વિકલ્પ ન અપનાવી શકીએ ? તુલનાત્મક સુખદુ:ખને આપણે જીવનાત્મક અને ભાવનાત્મક બનાવી દીધા છે. જનારા ક્યારેય પાછા નથી આવતા માટે આપણામાં રહેલી આંતરશક્તિને ઓળખી અગાધ એવા શ્રદ્ધાના પ્રેરક બળને અનુસરવું એ આવશ્યક જ નહીં હિતાવહ પણ છે !

**દીર્ઘદષ્ટિયુક્ત હકારાત્મક અભિગમ :**

પાટણ, ખજુરીના પાડાના **બાબુ શ્રી નરેન્દ્રભાઈ વિજયકુમાર** તથા તેમના સુપુત્ર **બાબુ શ્રી હર્ષભાઈ નરેન્દ્રભાઈ** સાથે પાટણ ખાતે **શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત** આર્ટસ, કોમર્સ તથા સાયન્સની કોલેજ (જુઓ પાનું નંબર સાત.) તબક્કાવાર નિર્માણ કરવા બાબત **મેં અને શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલાએ** તેમની ઓફીસમાં શુભેચ્છા મુલાકાત લીધી હતી. શિક્ષણ ક્ષેત્ર પ્રત્યેની તેમની અગાધ લાગણીને કારણે આ વિચારને તેઓએ આનંદપૂર્વક આવકાર્યો હતો અને કોલેજ બાબતે તેમના તરફથી સંપૂર્ણ સહકારની તૈયારી બતાવી હતી.

ટૂંકા વિચાર-વિમર્શ બાદ અમારી વિનંતીને માન આપી આવતા ત્રણ વર્ષ માટે તેમના વિવિધ ટ્રસ્ટોમાંથી સંસ્થાને અપાતી વિવિધ સહાયને લગભગ દ્વિગુણી કરી વાર્ષિક રૂા.૧૫ લાખ આપવાનું સ્વીકાર્યુ હતું. છેલ્લા ચાર વર્ષોથી દર વર્ષે અવિરત અને સતત ગણનાપાત્ર રકમની સહાય તેઓ તરફથી મળતી રહી છે જેથી સંસ્થાની અનેકવિધ સહાય પ્રવૃત્તિને ચોક્કસપણે વેગ મળ્યો છે. તેમના સમગ્ર પરિવારને હૈયે સંસ્થા માટે અને સમાજ માટે સદૈવ હિત અને હેત વસેલા રહ્યા છે. સંસ્થાને સહાયભુત થવાના તેઓના આવા ઉચ્ચતમ અભિગમ માટે ભૂરિ ભૂરિ અનુમોદના !

**અપરિણીત યુવક-યુવતી સ્નેહમિલન સમારોહ**

આપ સૌને વિદિત જ છે કે લાંબા સમયથી જેની રાહ જોવાતી હતી તેવી અપરિણીત યુવક-યુવતી પરિચય પુસ્તિકા વેચાણ માટે તૈયાર છે, આપને મારી નમ્ર વિનંતી છે કે મર્યાદિત પ્રતો હોવાને કારણે સત્વરે આપ આ પુસ્તિકા મેળવી લેશો.

સમાજનું યુવાધન સમાજની પાસે રહે અને સંબંધો દૃઢ બને તે આશયે અપરિણીત યુવક-યુવતી સ્નેહ મિલન, સમારોહનું આયોજન સંસ્થા દ્વારા તા. ૧૪–૪–૨૦૧૩ના રોજ આજીવાસન હૉલ, સાંતાક્રુઝ (વે.) મધ્યે કરવામાં આવેલ છે, જેના સૌજન્યદાતા **શ્રી નરેશભાઈ નવનીતલાલ મણીલાલ શાહ, શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ માટલીવાલા** તથા **શ્રીમતી વિમળાબેન નવિનચંદ્ર ગભરૂચંદ શાહ**–એમ ત્રણે પરિવારો છે. સંસ્થા તેઓની ભૂરી ભૂરી અનુમોદના કરે છે.

આ સ્નેહમિલન સમારોહની વિગત આ અંકમાં અન્યત્ર આપેલ છે. મારી આપ સૌને વિનંતી છે કે આપનું આરક્ષણ તાત્કાલિક કરાવી સુદૃઢ સામાજિક સંબંધ સાથે કાર્યકર્તાઓની કાર્યશક્તિને બિરદાવશો.

**દાનગંગાના પ્રવાહો:**

રૂા. ૪ લાખ **શ્રીમતી કુસુમબેન રસિકલાલ શાહ** ટ્યૂટોરિયલ ક્લાસ સહાય ફંડ અંતર્ગત મેસર્સ મિહીર એન્જિનિયર્સ પ્રા. લિ. તરફથી પ્રાપ્ત થયેલ છે. દર વર્ષે દિવાળી બાદ યોજવામાં આવતા નૂતન વર્ષ સ્નેહ સંમેલન અંતર્ગત દાતા **શ્રી સુનિલભાઈ ગુણવંતલાલ શાહે** રૂા. ૨ લાખનું દાન આપેલ છે. તે જ પ્રમાણે વિદ્યાલય ડેવલપમેન્ટ કોરપસ ફંડ ખાતે **શાહ ફેમિલી ટ્રસ્ટ** વતી **શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહ પરિવાર** (પાણીની પરબ માટે કુલ રૂા. ૫ લાખ) તથા વિદ્યાલય ડેવલપમેન્ટ ખાતે (બાલવાટિકા કૉમ્પ્યુટર ક્લાસીસના) રૂા. ૨ લાખ ડૉ. **કિર્તીલાલ લક્ષ્મીચંદ શાહ** તથા

ડૉ. **શ્રીમતી સુધાબેન કિર્તીલાલ શાહ** દ્વારા સંસ્થાને પ્રાપ્ત થયેલ છે. સંસ્થાના હાલના ટ્રસ્ટી **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા) પરિવારના શ્રીમતી સોનલબેન સુકેશભાઈ શાહ** તથા **શ્રીમતી અવનિબેન ધીરેનભાઈ શાહ** દ્વારા મેડિકલ કોરપસ ફંડ ખાતે કુલ્લે રૂા. ૨ લાખનું દાન મળેલ છે. સંસ્થા આ સર્વે મહાનુભાવ દાતાઓ પ્રત્યે આભારની લાગણી સહ અનુમોદના કરે છે.

**વિકલાંગ ઉત્કર્ષ ફંડ ખાતે શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ બેંકર** દ્વારા સંસ્થાને રૂા. ૧,૧૧,૧૧૧/- તેમજ **શ્રીમતી પુષ્પાબેન કિર્તીકુમાર જેશંગલાલ શાહ** દ્વારા સિનિયર સિટીઝન, શ્રુતજ્ઞાન પ્રદાન, મેડિકલ સહાય તથા આર્થિક સહાય કોરપસ ફંડ ખાતે રૂા. ૧,૦૦,૦૦૦/-પ્રાપ્ત થયેલ છે. શૈક્ષણિક સહાય કોરપસ ફંડ ખાતે **શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી** વતી **શ્રી આશિષભાઈ દીપકભાઈ** તરફથી રૂા. ૧,૦૦,૦૦૦/- પ્રાપ્ત થયેલ છે. સંસ્થા આ લક્ષ્મિપતિઓની દીર્ઘદૃષ્ટિ અને લાગણી પ્રતિ સાભાર અનુમોદના કરે છે.

**□ પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

## દ્વિશતાબ્દી પ્રવેશે ઉજવણી તથા વસતીપત્રક પ્રકાશન માટેના આર્થિક સહયોગી

આપ મહાનુભાવોને વિદિત છે જ કે, આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળે** દીર્ઘકાલીન રચનાત્મક અને પરિણામલક્ષી સેવા અને સાધના થકી ૧૬ ડિસેમ્બર, ૨૦૧૨ ના રોજ દ્વિશતાબ્દી વર્ષમાં પ્રવેશ કર્યો છે. સંસ્થાના હોદ્દેદારો અને વ્યવસ્થાપક સમિતિએ સમાજના દરિયાવદિલ દાતાઓ તથા સમર્પિત કાર્યકરોના સાથ સહકાર સાથે દ્વિશતાબ્દી પ્રવેશની ઉજવણી કરવા માટે તથા નૂતન વસતીપત્રક માટે જાહેરાત સ્વીકારવાનું નક્કી કરેલ છે.

**● Back Cover Page : Rs. 5,00,000/-**
- Smt. Pannaben Kapurchand Sonawala

**● Inside Cover Page : Rs. 2,50,000/-**
- Precision Bearing Pvt. Ltd.
- New India Construction Co.

**● Full Page : Rs. 1,00,000/-**
- Patan Co-op. Bank Ltd.
- Sevantilal Kantilal & Co.
- Pradipkumar Pharma Pvt. Ltd.
- Mihir Engineers (Pvt.) Ltd.
- K. Sevantilal & Co.
- Axis Electricals [Kandarpbhai Khandwala]
- Sureshbhai Amrutlal Shah (Bhabha no Pado)
- Foto Fast
- Shubhada Polymers Pvt. Ltd.
- Rushabh Sambhav Group
- Micron Platers
- Navinchandra Gabhruchand Shah Parivar
- Dr. Jashvantlal Manilal Shah (Bhabha no Pado)
- Munnabhai Chandulal Shah
- Vasu Chemicals
- Smt.Shardaben Mahendrabhai Rikhavchand Shah Parivar
- Babu Narendrakumar Vijaykumar Panalal
- Vipul Tools Centre

**● Half Page : Rs. 50,000/-**
- Shubhada Pharma (Navinbhai Gunderwala)
- Mahasukhlal Popatlal Shah
- Ketanbhai Hasmukhlal Shah

**● Quarter Page : Rs. 25,000/-**
- Jayantilal Manilal Shah (Devdawala) Parivar
- H. Sharad & Co.
- Jatinbhai Popatlal Shah
- Jayantilal Fatehchand Foundation
- M/s. M. K. Gems (Rakesh Surendrabhai Shah)
- Saumil Tarunbhai Shah
- M/s. Innovative

**● Strip : Rs. 15,000/-**
- Shri. J. K. Shah & Family
- Pharmica
- Nehaj Enterprise
- Janak Arvindkumar Shah
- M/s. Shubhada Enterprise
- Shri Vikrambhai Nemchand Shah
- Smt. Nirmalaben Ravindrabhai Shah Parivar
- Bhadrakumar Manilal Shah & Family
- Sudhirbhai Navinchandra Shah
- Dr. Snehal Tarachand Sanghavi
- Shri Vadilal Chunilal Shah Cheritable Trust
- M/s. A. C. Zaveri & Co
- M/s. Rushabh Enterprise
- Sevantilal Dalpatchand Shah
- Amit Corporation
- Deepak Champaklal Zaveri
- M. Kantilal & Co.
- Kantilal Bhogilal & Co.
- Rajulawala & Sons
- Sunderlal & Sons
- Smith Engineering Co.
- Machine Tools Supplying Agency
- Calimic Impex
- Navdeep Traders
- Tool Centre
- Kirti Bearing Corp.
- Haresh Tools Corp.
- Mukesh & Niranjan K. Devdawala
- Bombay Tools Supplying Agency
- Vipul Virendra Nagarseth
- Sailesh Keshavlal Shah
- Vipul Rasiklal Shah, Poona
- Pravinbhai Vrajlal Shah (Mantri)
- Nirav Trades
- Devesh Ramesh Shah (CFP)
- Asian Tools Co.
- Pattani Bros.
- Pankajbhai Nemchand Shah
- M/s. Marvel Health Care/M/s. Param Bio- sciences

**ખાસ નોંધ :** એકત્રિત થનાર કુલ ફંડમાંથી નિર્ધારેલ ખર્ચ બાદ કરતાં જે રકમ વધશે તેને સમાજ વિકાસ ફંડ-ભેટ ખાતે લઈ જવામાં આવશે.

## તંત્રીસ્થાનેથી...

### ભારતીય સંસ્કૃતિમાં શિક્ષણ પરંપરા

ભારતને પોતાનો સંસ્કાર વારસો છે. ભારતીય સંસ્કૃતિ અતિ પ્રાચીન છે. આ સંસ્કૃતિમાં શિક્ષણનું બીજારોપણ થયું હતું. સાથે ગુરુ-શિષ્યની પરંપરા પણ રહી હતી.

કેળવણી એ કોઈપણ રાષ્ટ્રની સંસ્કૃતિની ઘટના છે. કેળવણી એ વ્યક્તિનો અને સમાજનો સર્વાંગીક વિકાસ કરનારી પ્રક્રિયા છે. જેના દ્વારા રાષ્ટ્રનું નિર્માણ થાય છે. શિક્ષણની પ્રણાલીએ ભારતના ભવ્ય શ્રમણ ભૂતકાળના સાંસ્કૃતિક વારસાને ચિરંજીવ રાખવામાં મહત્ત્વનું પ્રદાન કર્યુ છે. ભારતની સંસ્કૃતિમાં જ્ઞાન પ્રાપ્તિ એક વિશિષ્ટ સાધના અને ઉપાસના છે. સમયના વહેતા પ્રવાહમાં શિક્ષણની રીતી-નીતી બદલાતી ગઈ છે.

*'મિટા દે અપની હસતી કો અગર કુછ મરતબા ચાહે-*

મરતબાનો અર્થ છે ( ડીગ્નીટી, સ્વાભિમાન, મોભો)

*કે દાના ખાક મેં મિલકર ગુલે ગુલઝાર હોતા હૈ'.*

**-જિગર મુરાદાબાદી**

જે શિક્ષણ દ્વારા તમારું સ્વાભિમાન જળવાતું નથી, જે શિક્ષણ તમારી હસતીને મિટાવી દે છે તે શિક્ષણ નથી, પરંતુ સાચા ઘડતર સાથે, સાચા પરિશ્રમ સાથે મેળવેલું શિક્ષણ તમારા જીવનને બગીચો બનાવે છે.

**જી. કે. ચેસ્ટરટન** નામના અંગ્રેજ લેખકે એક પુસ્તક લખેલું, **`What is wrong with The World.'** આજથી ૯૪ વર્ષ પહેલાં લખાયેલા આ પુસ્તકના પ્રગટ થયા બાદ તેમને શિક્ષણ ક્ષેત્રે સર્જાયેલી, કથળતી પરિસ્થિતિ જોતાં વેદના વ્યક્ત કરી હતી. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને જે ઉચ્ચ સંસ્કારો પ્રાપ્ત થતાં હતાં, કેળવણી સાથે યોગ્ય ઘડતર થતું હતું. જેના થકી દેશોને ઉચ્ચ ચારિત્ર્યવાન નેતાઓ મળતા હતા. તેમના હૈયે પોતાના દેશનો, સમાજનો વિકાસ અને પ્રજાનો વિકાસ જ રહેતો.

ધીમે ધીમે વિદ્યાર્થીઓનું ઘડતર નબળું થતું ગયું અને રૂપિયા/પૈસાના ધોરણને મહત્ત્વ અપાતાં કેળવણી ક્ષેત્રે પરીક્ષામાં ચોરી કરવી તે જાણે મા-બાપના આશીર્વાદ સાથેનું ક્ષમ્ય કૃત્ય બની ગયું. આજે પણ B.A., M.A. ડીગ્રીની કોઈ કિંમત ક્યાં છે ?

ભારતની કેળવણી એ વિદેશથી આયાત કરેલો છોડ નહોતો, પરંતુ ધીમે ધીમે વૈજ્ઞાનિક ક્રાંતિ, ઔદ્યોગિક ક્રાંતિને આધારે પાશ્ચાત્ય શિક્ષણનો વિશેષ પ્રભાવ આપણાં પર આવ્યો અને માતૃભાષા ભૂલાતી ગઈ. સાથે સાથે ભારતની સંસ્કૃતિ, સંસ્કાર તથા ચારિત્ર્ય શિથિલ થઈ ગયા.

**'જ્ઞાન તૃતીયં મનુજસ્ય નેત્રં, સમસ્ત તત્ત્વાર્થ વિલોક દક્ષમ.'**

જ્ઞાન એ મનુષ્યનું ત્રીજું નેત્ર છે. જે સમસ્ત તત્ત્વોના તત્ત્વાર્થ જોવામાં દક્ષ છે. જ્ઞાન જેવી કોઈ બાબત નથી. યોગ્ય કેળવણીથી માનવીને જીવનના અંતિમ સમય સુધી સુખ, સમૃદ્ધિ પ્રાપ્ત થાય છે. ધન-દોલત, સ્વજનો, પરિવાર વિ. વિ. પરંતુ એકમાત્ર જ્ઞાન જ સાથે ને સાથે આવે છે. જૈન શાસ્ત્રોમાં જણાવ્યા મુજબ મુક્તિપુરીના દ્વાર સુધી લઈ જવામાં જ્ઞાન એક જ આધાર છે. શિક્ષણ લક્ષ્મી પ્રાપ્ત કરાવે છે. કિર્તી અપાવે છે. યોગ્ય કેળવણી માનવીના જીવનમાં એક કલ્પવૃક્ષ સમાન છે.

વર્તમાન સમયમાં આપણને ક્યારેક વિપરીત પરિણામો જોવા મળે છે. માનવી શિક્ષિત હોવા છતાં ચારિત્ર્યવાન નથી હોતો. કદાચ બુદ્ધિનો વિકાસ ઓછો થાય તો ચાલી શકે, પણ શિક્ષણ લેવા છતાં માનવીનું જીવન પોતાની વાણી, વર્તન અને વ્યવહારથી યોગ્ય ન હોય તો એ માનવી ચારિત્રહીન કહેવાય છે.

પહેલાંના સમયમાં ગુરુઓ, વિદ્યાર્થીના ચારિત્ર ઘડતર પર મહત્તમ ભાર મૂકતા, રાજાઓ પોતાના રાજકુંવરોને સર્વાંગી તાલીમ મેળવવા, નિપુણ બનાવવા ગુરૂકૂળમાં, તપોવનમાં વિદ્યમાન ગુરુઓ પાસે ભણવા મોકલતા. આજના જેવી સુખ, સુવિધા અને સાહ્યબી એ સમયના વિદ્યાર્થીઓને મળતી નહોતી, સખત સંઘર્ષનો સામનો કર્યા બાદ જ સાચી કેળવણી પ્રાપ્ત થતી. ખૂબ જ કડક રીતે પરીક્ષા લેવામાં આવતી. ડીગ્રીને મહત્ત્વ પણ અપાતું નહીં. વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ અને સ્વમાનની લાગણીઓ પેદા થાય તેના પર ધ્યાન અપાતું. વિદ્યાર્થીઓમાં સંયમના ગુણોનું સિંચન થતું, અને તેઓએ હંમેશા યાદ રાખવું પડતું કે તે દેશની, સમાજની, પોતાના પરિવારની સંસ્કૃતિના જ્યોર્તિધર છે. સત્ય અને સાદગીનો આગ્રહ રખાતો. વિદ્યાર્થી પોતાની ઉચ્ચ સામાજિક કર્તવ્ય ભાવનાને વિકસાવે અને સારો નાગરિક બને એ જ અપેક્ષા રહેતી. વિદ્યાર્થી પાસે ઉચ્ચ વેતનની માંગણી નહોતા કરતા, વિના વેતન પણ વિદ્યાર્થીઓને પ્રેમથી ભણાવતા. આજે તો સ્કૂલ કે કૉલેજના શિક્ષકો કલાસમાં ન ભણાવતા પોતાના જ વ્યાપારી ધોરણે ઉભા કરેલા કલાસીસોમાં વિદ્યાર્થીને ઊંચી ફી લઈને ભણાવે છે. સમાજની પ્રગતિ સાથે શિક્ષણનું સ્વરૂપ બદલાતું ગયું છે.

પૂર્વ કાળમાં સ્ત્રીઓને શિક્ષણ પ્રાપ્ત કરવાનો સંપૂર્ણ અધિકાર હતો જ. અલબત્ત ખાસ કરીને સ્ત્રીઓને ગૃહજીવન અને વિજ્ઞાનનું શિક્ષણ અપાતું. સ્ત્રીઓ માટે ૬૪ કળા અને પુરુષો માટે ૭૨ કળાઓ શીખવવામાં આવતી. સૌ પ્રથમ શ્રી ઋષભદેવ ભગવાને પોતાની બને પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને શિક્ષણ આપવાની શરૂઆત કરી હતી. આજે સ્ત્રીઓનું ચારિત્ર્ય શિથિલ થવા લાગ્યું છે તે દુઃખદ છે. ભારત દેશમાં અનેક સંતો, મહાત્માઓ. ગુરુઓને આદરણિય સ્થાન મળ્યું છે. બાળકોને પ્રથમ વાર શાળામાં ભણવા મોકલતા ત્યારે ગુરુપૂજન કરતા, વિદ્યાની દેવી સરસ્વતીની પૂજા કરાવતા. તે સમયે બાળક પાંચ વર્ષનું થાય ત્યારે જ વિદ્યાદેવી પાસે મોકલાતા. આજે તો બાળક પાંચ મહિનાનું થાય અને શાળામાં તેને મૂકવામાં આવે છે કારણકે આધુનિક માતા-પિતાઓ શિશુની ઝડપી પ્રગતિ ઈચ્છે છે.

વાચક મિત્રો ! વિચારવાનો સમય આવી ગયો છે કે શિક્ષણનું મૂલ્ય વધારે છે કે પછી મોઘીદાટ-લક્ઝરી શાળાઓ ? જે શાળામાંથી આપણું બાળક સાચું સંસ્કારી બનીને બહાર આવે તે જ શિક્ષણ સાચું છે. બાકી તો માનવજીવન જ એક પાઠશાળા છે.

**❑ સંપાદક સમિતિ**

**સમાજને ઉચ્ચશિક્ષિત, સંપન્ન અને નિરામય બનાવવા સમર્પિત મંડળનો દ્વિશતાબ્દી પ્રવેશ**

# આ ગલે લગજા

વર્ષો પહેલાંની વાત છે-અમારા સંસારની લીલીવાડીમાં એકાદ દાયકા જેટલા સાંકડા સમય ગાળા દરમ્યાનમાં એક પછી એક એમ ચાર સંતાનોના પ્રવેશ-પ્રસંગો નોંધાયા હતા. એ સંજોગોમાં સ્વાભાવિક રીતે જ રોજની નીતનવી સમસ્યાઓ અને રોજના નીતનવા ઝઘડાઓના ઉકેલ શોધવામાં અમારે બુદ્ધિબળને વારંવાર કસોટીએ ચઢાવવાનું બન્યા જ કરતું. 'બાળઉછેર' ત્યારે અમારા ચિત્ત ઉપરનો પ્રાથમિક મહત્ત્વનો વિષય હતો.

સુયોગ્ય સિદ્ધાંતો મન ઉપર કોઈ અઘટિત અસર ન અનુભવાય તેની પૂરતી તકેદારી રાખીને અમે ચારેય સંતાનો માટે જાગૃતિ પૂર્વકનો વહેવાર ઉછેરક્રમ વિચારતા રહેતા. તેઓને સંપીલા, સ્નેહાળ બનાવવા માટેની યોજનાઓ ઘડતા અમે થાકતા નહોતા. અમારા ઉછોરમાં કોઈ વાતની કશીપમ કમી રહેવા ન પામે તે દૃષ્ટિએ અમે મેડમ મોન્ટેસરીથી માંડી ને ગિજુભાઈ બધેકા, તારાબેન મોડક, શ્રી એ. એસ. નીલ, એવા સર્વે નિષ્ણાંત મનોચિકિત્સકોની થિયરીઓ ડહોળી, ડહોળી ને દોષરહિત એવી શ્રેષ્ઠ બાળઉછેરની પદ્ધતિઓને અજમાવતા. તેવામાં એક વખત એવું બન્યું. ચારેય બાળકોના ઝઘડાએ અમારા ગર્વિલા ગૃહજીવનમાં ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. શામ, દામ, દંડ, તેમજ સમજાવટ. પટાવત, લાડ, પ્યાર, સજા, ધમકી જેવા અગણિત ઇલાજો અને પ્રેમ પ્રણાલીઓ અજમાવીને થાક્યા, ત્યાં એકાએક મને એક સરસ સૂચન સુઝી આવ્યું. ! એકદમ જોશથી હું બરાડી ઉઠી, Shut up, all of you, and stop your fighting at once !! Instead of screaming and shouting at each other, and then treating at one another's hair, why can't you all for once decide to be good and loving children and hug and kiss, and shake hands to behave like good friends? Has any one of you seen his face in the mirror to-day? Go, and look for yourself how horrible you look with those elenamed teeth and, fierce frowing faces? Why can't you all learn to love, and embrace one another with a smile, and look your charming sweet self? આ જોરદાર ધમકી ઉચ્ચારી લઈને હજી તો હું વાક્યને પુરૂં કરૂં ત્યાં મને પોતાને જ વીજળીક વેગે કંઈક ડહાપણ ક્યાંથી લાધ્યું ? મારાથી મારા પોતાની ઉપર જ આફ્રિન થઈ જવાયું !! આવો અકલ્પ્ય ઉપાય આજ સુધી કેમ નહીં લાધ્યા હોય ? એ જ ક્ષણે મેં જોઈને hugging અને kissing નું એક Compulsory અને કાયમીનો વટહૂકમ જાહેર કરી દીધો. સ્કુલના કોઈક કડક ટીચરે આપેલા ઘર લેશન જેવો આ આકરો ફતવો સાંભળીને અમારી ઘર સભામાં તો સાવ સોપો જ પડી ગયો. જાણે કોઈને આપણે આજીવન કેદની સજા ફરમાવી દીધી હોય તેવા કટાણા ચાર ચહેરા મારી સામે જોઈ રહ્યા. Now, from to-day, onward, every morning each one of you will say a `Happy Good Morning' to Every body else and hug each other with a sweet smile. who never does not obey this rule will have to dine alone in the far end of the diningroom, and your faces will be turned around toward the wall. જાણે મેં બધાને આજીવન કેદની સજા ફટાકીર દીધા હોય તેમ તત્કાળ જ ચારેયના ચહેરા અચરજથી એવા તો સ્તબ્ધ થઈ ગયા કે બધા કટાણા પડી ગયા. ચારેય બાળકો એક એવી Statue જેવી પોઝીશનમાં જડવત્ બનીને જોતાં જ રહી ગયા. સાચું કહું તો બધા બાળકો ઈશ્વરની અલૌકિક લીલાના દર્શનની ધન્ય ઘડી વરતાવા લાગી. પછી ધીમે ધીમે એક પછી એક એમ આ નવી આલ્કેમીની મંદ અસર વાતાવરણમાં વરતાવા લાગી અને અમારી પારિવારિક લીલી વાડીમાં પ્રેમ તત્ત્વનો જાણે અવનવો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાઈ ગયો હોય તેમ બધા જ બાળકો હસતા કુદતા એકબીજાને ભેટવા લાગ્યા, તેઓની આ નિર્દોષ સહજ બાળક્રિડાને હજી પણ ક્યારેક સંભારી સંભારીને મનોમન પ્રભુનો પાડ માનતા હોઈએ છીએ. જ્યારે જ્યારે પણ વાતાવરણમાં સહેજ પણ તંગી વરતાય કે અમે સહુ એકબીજાની સામે જોવા માંડે અને આછેરૂં શરમાતા હસુ હસુ થાય અને આપમેળે જ તેમનો સંકોચ સરી રહે એટલે પાછા બે હાથ પહોળા કરીને એક બીજાને ભેટી પડે.

તમે નહી માનો, પણ ૧૫ થી ૨૦ વર્ષ પૂર્વેની આ અમારા કુટુંબની સત્ય કથા છે. અમે હજી પણ જ્યારે ને ત્યારે યાદ કરી કરીને હરખાતા રહીએ છીએ. આ પ્રયોગ ઓળખીતા પાળખીતા સહુને કહેવાનું યાદકરતા ધરાતા નથી. કોઈને કહેવાનું મન પણ રોકી શકાતું નથી. આ એકાએક સુઝી આવેલી. આ અનોખી વ્યવસ્થાને સહુએ પ્રયોગ કરી જોવા જેવી છે. માનવીની ઉંમર ગમે તેટલી હોય, પણ પ્રેમ તત્વની ભૂખ તો દરેક માનવ હૈયામાં એક સરખી જ અનુભવયા છે. પ્રત્યેક પરિવારમાં નાના બાળકથી માંડીને મોટેરા સુધી દરેક વ્યક્તિના આપસી સંબંધના પાયામાં પ્રેમના વાવેતર જરૂરી છે. અજમાવી જોજો. લાખ દુ:ખો કી એક દવા ક્યું ન અજમાયે ? `Make, Love not War,' એ જાણીતું સુત્ર દરેક ઘરમાં ઉછરતા નવ શિશુઓને માતા-પિતા નાનપણથી ગાંઠે બંધાવે, તો પૃથ્વીથી સ્વર્ગકાંઈ ઝાઝું છેટું નહીં રહે. એ હેઠું ઉતરી જ આવશે. અને તમને કહેશે,-**'આ ગલે લગ જા !'**

**☐ શ્રીમતી ચન્દ્રા શાહ**


**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : ૧૯૯૮

**૧૫મા વર્ષમાં પદાર્પણ...પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા

સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રીમતી અલ્પા શાહ : ૮૦૮૦૫૪૭૪૨૪ - ૯૮૨૩૨૧૮૭૪૬**

સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah5@yahoo.co.in

**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.** ADVT



**Ganpatbhai : 98200 75788**

**Prakashbhai : 93222 63603**

**SAGAR CATERERS**

**JAIN SPECIALISTS**

`CHANDRAMANI', Plot No. 788, Hanuman Road,

Near Jain Temple. Vile Parle (E), Mumbai-400 057.

Off. : 2611 7310 / 3297 0445 Resi : 2683 1483

E-mail : sagarcaterers25yearsold@gmail.com

## હાર્દિક અભિનંદન

● **ચિ. જય હર્ષદ રમણીકલાલ પત્રાવાલા**–ચિતારાની ખડકી જુલાઈ-૨૦૧૨માં C.A. ની ડિગ્રી સફળતાપૂર્વક પ્રાપ્ત કરવા બદલ ખૂબ ખૂબ અભિનંદન.

● **ચિ. પ્રિયલ સુકેતુ ચંદ્રકાંત શાહ**–ચોધરીની શેરી (ઉ. વ. ૧૩) ધાર્મિક અભ્યાસ, કથ્થક નૃત્ય, મરાઠી ભાષા, ચિત્રકલા, સ્કેટિંગ જેવી વિવિધ પ્રકારની કળાઓમાં ઉચ્ચ માર્ક્સ મેળવી, અનેક પ્રકારના સિલ્વર/ગોલ્ડ વિગેરે મેડલો મેળવી પરિવારનું નામ રોશન કરેલ છે. બેબી પ્રિયલને હાર્દિક અભિનંદન.

● **ચિ. કેનલ સૌરભ પ્રવિણભાઈ શાહ**–ભાભાનો પાડો (ઉ. વ. ૧૫) જાન્યુઆરી ૨૦૧૩માં દિલ્હી ખાતે યોજાયેલ નેશનલ સ્કૂલ રોલર હોકી ચેમ્પિયનશીપ ટુર્નામેન્ટમાં મહારાષ્ટ્ર સ્ટેટ લેવલે ભાગ લેતા ચેમ્પિયનશીપ મેડલ મેળવી વિજેતા બનતા શુભેચ્છા સાથે અભિનંદન.

● **ચિ. સાક્ષી કલ્પેશ મહેશકુમાર શાહ**–કસુંબિયા વાડો (ઉ. વ. ૧૦) નાની વયમાં તેણીએ ABACUS & MENTAL-ARITHMETIC PROGRAMME (8 LEVELS) માં ગ્રેજ્યુએશન કરેલ છે. આ સાથે International Mental Arithmetic grand level I & II માં ઑગસ્ટ–૨૦૧૨માં અભ્યાસ પૂર્ણ કરેલ છે. KET & PET લેવલની બ્રિટિશ કાઉન્સીલ યુનિવર્સિટી ઑફ કેમ્બ્રીજમાં ડિસેમ્બર-૨૦૧૨માં પણ Esol Examinastions પાસ કરી ઝળહળતી સફળતા મેળવેલ છે. દૃષ્ટિ એકેડેમિક ઈન્ડિયા પ્રા. લી. તરફથી સર્ટિફિકેટો પ્રાપ્ત થયા છે. ખૂબ ખૂબ અભિનંદન.

## મારી એકલતાના મયને

સંવેદના જોઈ ધરાની,
નયનોથી અશ્રુબિંદુ
નભના ખર્યા–
ત્યારે ઊગમતી ઊષાના,
સોનેરી રવિ કિરણોએ
સૂકવ્યા પુષ્પ પરના
ઓસના બિંદુને–
હે ત્રિલોકના નાથ!
સ્વરૂપ સાચું ક્યું તારું?
ધરા – ગગન – પુષ્પ
કે સોનેરી કિરણ!
મારી એકલતાના મયને
ચાલ મૂકી આવું
દૂર–સુદૂર, અને
છોડી આવું વેદનાઓ
ક્ષિતિજની પેલે પાર–
દર્શને તારા પાછો ફરું
ત્યારે છલકાવીશને
પારદર્શક મારા ચક્ષુઓને
તારા સૌમ્ય હાસ્યથી!

**મ.ને.**


### શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ

**યાત્રિકોની લાગણીને માન આપીને શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ અંતર્ગત ચાલતી સઘળી ધર્મશાળાઓનું આરક્ષણ (બુકીંગ) હવે પછી ચાર માસ પહેલાથી કરવામાં આવશે, જેની નોંધ લેવા નમ્ર વિનંતી.**

**ટ્રસ્ટી ગણ : શ્રી પંચાસરા પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ**


**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | આદારસ્થંભ | જીવદયા | ઘાસચારો | શેડ | લાપસીની તિથિ |
|---|---|---|---|---|---|
| શ્રીમતી હેમાબેન હેમાંગભાઈ શાહ, | ૨૧૦૦૦ | —- | — | — | — |
| સંઘવી લીલાવતીબેન કાંતિલાલ–સ્વ. સરસ્વતીબેન ચીમનલાલ શાહ, કુંભારીયા પાડો | ૨૧૦૦૦ | —- | — | — | —- |
| શ્રી વિલેપાર્લે શ્વે. મૂ. પૂ. જૈન સંઘ એન્ડ ચેરીટીઝ | — | ૩૫૦૦૦ | — | — | — |
| મે. ટી. સી. ઓવરસીઝ પ્રા. લિમિટેડ | — | ૨૧૦૦૦ | — | — | — |
| વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ | — | — | ૧૫૦૦૦ | — | — |
| માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવાર આયોજિત | | | | | |
| ચાતુર્માસમાં જીવદયાની ઉપજમાંથી | — | — | ૩૫૦૦૦ | — | — |
| શ્રીમતી કુસુમબેન ચંદુલાલ શાહ, અબજી મહેતાનો પાડો | — | — | ૧૫૦૦૦ | — | — |
| શ્રીમતી કુસુમબેન અમૃતલાલ સાહની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે, | | | | | |
| હસ્તે શ્રીમતી જ્યોત્સનાબેન, કપુર મહતાનો પાડો | — | — | ૧૫૦૦૦ | — | — |
| શેઠ ભેરૂમલ કનૈયાલાલજી કોઠારી રિલીજીયસ ટ્રસ્ટ, વાલકેશ્વર | — | — | ૨૫૦૦૦ | — | — |
| શ્રી જવાહરનગર જૈન શ્વેતાંબરમૂર્તિપૂજક સંઘ, ગોરેગામ | — | — | ૫૧૦૦૦ | — | — |
| શ્રીમતી બંસરીબેન પીયૂષભાઈ શાહના લગ્ન નિમિત્તે, મારફતિયા મહેતાનો પાડો | — | — | — | ૧૦૦૦૦૦ | — |
| શ્રીમતી જસુમતીબેન લલિતભાઈ શાહ, પંચાસરા બિલ્ડીંગ | — | —- | — | — | ૩૧૦૦૦ |
| | **૪૨૦૦૦** | **૫૬૦૦૦** | **૧૫૨૦૦૦** | **૧૦૦૦૦૦** | **૩૧૦૦૦** |

સૌજન્ય : મે. વાસુ કેમિકલ્સ, મુંબઈ.

ADVT

## શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિ ગૃહ

પીપળા શેરી, પાટણ

પાટણની પ્રભુતાની ધરોહર સમા શ્રી પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની નજીકમાં જ આવેલ **શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિ ગૃહ** યાત્રિકોની ઉચ્ચતમ સગવડતા માટે વર્ષોથી કાર્યરત છે, જેને હાલમાં જ જરૂરી રીનોવેશન કરી અદ્યતન સુવિધાજનક બનાવવામાં આવેલ છે.

**શ્રી પંચાસરા પાર્શ્વનાથ દેરાસર**થી માત્ર બે મિનિટના અંતરે આવેલ હોવાથી આવવા-જવા માટે કોઈ પણ વાહનની આવશ્યકતા રહેતી નથી. છતાં ત્યાં અથવા ત્યાંથી અન્ય ઠેકાણે કે દેરાસરોએ જવા આવવા માટે રીક્ષાઓની વ્યવસ્થા પણ રાખવામાં આવી છે.

શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હીરાલક્ષ્મી પૂનમચંદ કોટાવાળા જૈન ભોજનાલય, સુવ્યવસ્થિત સાધ્વીજી મહારાજ સાહેબનો અપાસરો, શ્રી પાટણ પાંજરાપોળ તથા મુખ્ય બજાર નજીકમાં જ આવેલાં છે, જેની મુલાકાત માટે ચાલીને પણ જઈ શકાય છે. અમારું માનવું છે કે સેવાપ્રવૃત્તિઓ કે સેવાયજ્ઞો અને શાંત વાતાવરણ માનવધર્મનું ઉત્તમ અનુસંધાન છે.

અનુભવી મેનેજર, વિનયી તથા વિવેકી સ્ટાફ, ઠંડું-ગરમ પાણી, વિજળી અને ફોનની સેવા પણ ઉપલબ્ધ છે. વાતાનુકુલિત રૂમોનું કે અન્ય રૂમોનું આરક્ષણ બનતી ત્વરાએ કરવું હિતાવહ છે. પ્રગતિ અને વિસ્તૃતિકરણ આજના સમયની માંગ છે. સર્વેના પ્રયત્નો, સાથ અને સહકાર આપને સુખદ અનુભવ કરાવશે.

આરક્ષણ તથા વધુ વિગત માટે સંપર્ક:

**શ્રી વિરેન્દ્રભાઈ ભગવાનદાસ નગર શેઠ**–932474413
**શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ**– 9821164958
(માનદમંત્રીઓ અતિથિગૃહ)
**શ્રી ધીરૂભાઈ (મેનેજર), પાટણ**– 09429016665

## એક દીકરી...!

*કાલ હતી એજ આજ છું.*
*જ્યાં હતી કદાચ ત્યાંજ છું.*
*માતપિતાની લાડકવાયી*
*કાળજાનો કટકો, છતાંય 'પરાઈ'*
*ક્યારેક પરી તો ક્યારેક ઢીંગલી*
*પૂનમની ચાંદની એવી એક દીકરી...*
*પણ,*
*વહેંચાઈ બરફી, પેંડા નહીં,*
*હરખ કરવા પણ કોઈ ના આવ્યું.*
*શિખવાડ્યા શિસ્તના પાઠ, વ્યક્ત કરવાના નહીં મનોભાવ*
*ચૂપચાપ બધું સહેવાનું, સાસરિયામાં સમાઈ જવાનું*
*સાચે જ,*
*દીકરો જો હોય કોહિનૂર હીરો*
*તો સાચા મોતી છે દીકરી*
*દીકરો ભલે પરણીને લાવે વહુ*
*પણ એ હોય તો કોઈકની એક દીકરી....*
*સંબંધોના સરવાળાને સાચવતા આવડે જેને*
*એવા બંને કુળને અજવાળતી એક દીકરી....*
*પણ હવે જમાનો બદલાઈ ગયો છે*
*ભણીગણીને પગ ઉપર ઊભા રહેતાં,*
*વિવિધ ક્ષેત્રમાં આગળ વધતાં*
*દરેક મુશ્કેલી કે મુસીબતનો હિંમતથી સામનો કરતા,*
*વિપરિત સંજોગોમાં પણ સંતોષ અને સમાધાન શોધતાં,*
*માન અને સ્વાભિમાનથી જીવતા*
*મને પણ આવડે છે...મને પણ આવડે છે...*
*કારણ કે,*
*હું આજના જમાનાની દીકરી છું.*

□ **શ્રી દિપકભાઈ ગુણવંતલાલ શાહ**

The Johri™
And Carat Jewellery
118 Dharam Palace, B-Wing, 1st Floor, Hughes Road, Mumbai- 400007.
Tel no. 022-23610180 / 81
Tushar- 9820223110, Rupal- 9969525061, Amar- 9004777012. By appointments only.

## શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત

# પાટણમાં કૉલેજ પ્રસ્થાપિત કરવા તરફ પ્રથમ ચરણ

મિત્રો !

એક અભ્યાસ પ્રમાણે પાટણમાં વર્તમાન સંજોગોમાં આર્ટસ, કૉમર્સ અને સાયન્સ એમ ત્રણે ફેકલ્ટીઓની કૉલેજની ઘણી જ આવશ્યકતા છે. પાટણમાં ઉચ્ચ શિક્ષણ માટેની સિમિત વ્યવસ્થાને અનુલક્ષીને મને કે કમને વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પાટણ બહાર જવું પડે છે ..

ફાટીપાળ દરવાજા બહારની આપણી ૧૩ એકર જમીનમાંથી માત્ર ૫ એકર જમીન જ શાળા, છાત્રાલય/બાલાશ્રમ માટે ઉપયોગમાં લઈ શક્યા છીએ. બાકીની આપણી જમીન વર્ષોથી વણવપરાયેલી અને અવાવરુ રહી છે. આ જમીન ઉપર **શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા કૉલેજ પ્રસ્થાપિત કરી શિક્ષણ ક્ષેત્રે ઘણું જ ઉપયોગી કાર્ય કરી શકીશું.

જુન ૨૦૧૪ થી કૉલેજનું પ્રથમ સત્ર શરૂ કરી શકીએ તે માટે આપણે હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીમાં જરૂરી અરજી કરી તેને લગતી કાયદાકિય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વિદ્યાલય સમિતિના માનદ્ મંત્રીઓ **શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી** તેમજ **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** તથા શાળાના આચાર્ય **ડૉ.બળદેવભાઈ દેસાઈ** યથાયોગ્ય પુરુષાર્થ કરી રહ્યા છે. રૂા. ૨ કરોડના દાનના વચનો મેળવવા આપણે સફળ થયા છીએ. આ સંપુર્ણ પ્રોજેક્ટનો ખર્ચ પ્રાથમિક અંદાજ પ્રમાણે રૂા. ૭ કરોડનો થશે.

કૉલેજ માટે નવા મકાનો અસ્તિત્વમાં આવે ત્યાં સુધી આપણા હાલના મકાનનો ઉપયોગ કરી શકાય તેવી ગોઠવણ વિચારણા હેઠળ છે. મુંબઈમાં વસતા પટણીઓની વિવિધ જરૂરિયાતોને સંતોષવામાં ક્યાંય કમી ન થાય તે રીતે આ પ્રપોઝ્ડ કૉલેજ માટે દાન મેળવવાની ગણત્રી છે. તેથી રૂપિયા કરોડના દાન આપી શકે તેવા પાંચ સાત દાતાઓ આ પ્રોજેક્ટમાં જોડાય તે ઈચ્છવા યોગ્ય છે. તેમની પાસેથી હાલ તો દાનના વચનો જ મેળવવા છે. રકમ તો જરૂરિયાત મુજબ ત્રણ વર્ષમાં આપવાની રહેશે. મંડળના સભ્ય ન હોય એવા શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું આર્થિક યોગદાન આવકાર્ય છે.આમ મુંબઈની જરૂરિયાતને ભોગે પાટણમાં કૉલેજ માટે નાણાં ખેંચાઈ ન જાય તેની તકેદારી રાખવી છે.આવી જરૂરીયાત સંતોષી શકનાર દાતાઓને અમારી નમ્ર વિનંતિ છે કે, વહેલામાં વહેલી તકે અમારો સંપર્ક કરે જેથી આપ મહાનુભાવો શરૂઆતથી જ આવા ઉત્કૃષ્ટ આયોજનમાં સહભાગી થઈ શકો.


| | | |
|---|---|---|
| **દિનેશ રસિકલાલ શાહ** | **યશવંતભાઈ હરિલાલ ઝવેરી** | **દિનેશભાઈ શાંતિલાલ શાહ** |
| પ્રમુખ અને મેનેજિંગ ટ્રસ્ટી | માનદ્મંત્રી-વિદ્યાલય સમિતિ | માનદ્મંત્રી-વિદ્યાલય સમિતિ |
| મોબાઈલ : ૯૮૨૦૪૯૩૯૦૬ | મોબાઈલ : ૯૮૨૦૦૮૮૯૯૭ | મોબાઈલ : ૯૩૨૨૨૨૫૦૭૨ |


## વિરલાઓ જાગો જીવન નિખારો

પવિત્રભૂમિ, ધર્મભૂમિ, પુણ્યભૂમિ, કર્મભૂમિ એવું માદરે વતન આપણું પાટણ શહેર. જ્યાં ૧૩૦ જૈન દેરાસર, આચાર્ય ભદ્રંકરવિજયજી મહારાજ, ગચ્છાધિપતિ જયઘોષસૂરીશ્વરજી મહારાજ તથા એવા અસંખ્ય ધુરંધર સાધુ-સાધ્વીજી ત્યાગ મૂર્તિઓનું ઉદ્ભવ સ્થાન, પરિગ્રહના પુજારી, દાનેશ્વરી, લક્ષ્મીપતિઓનું જન્મ સ્થાન છે. કોઈક તો પટ્ટણી વિરલો જાગશે અને સમાજના નબળા વર્ગનો આ શતાબ્દિ વર્ષમાં સહાયનો જરૂરથી ૫૦% નહિ તો ૨૫%નો તો જરૂરથી અમલ કરશે. સ્વર્ગે સિધાયા પછી ચેકબુક, બૅન્ક બૅલેન્સ બીજા માટે જ મુકીને જવાની છે આ નગ્ન સત્યથી સૌ વિદિત છે તો આ માર્ચ-૨૦૧૩માં જ દરેક પટ્ટણી ફુલ નહીં ને ફુલની પાંખડી સમાજને અર્પણ કરીએ અને શતાબ્દિ વર્ષને મહેકાવીએ

**`Yes Pattani can do this.' `No Candle Looses Light, While Lightning another Candle' makes your life meaningful.'**

પ્રાર્થના દિવસને ચાર્જ કરે છે, અને માણસને રીચાર્જ કરે છે. હૃદયની ભાષાને ઈશ્વર સારી રીતે સમજે છે. ઈશ્વરના દર્શન શ્રદ્ધાથી થાય છે. બેન્ક બેલેન્સ વધારવા જેટલી ખુશી Sense Balance વધારવામાં આવે તો ઉદ્ધાર થઈ જાય. શ્વાસને સંબંધનો ક્યાં ભાર લાગે છે ? પુણ્ય કરવામાં જીવનનો સાર છે. સુપાત્રે દાન આપવામાં જ ધનની પ્રતિષ્ઠા છે. માણસ સરખી રીતે કમાઈ લે, પોતાના કુટુંબને માટે તે પછી બધી મિલકત તમારા પરિવાર માટે રાખવી જરૂરી નથી. મોટો હિસ્સો તેમાંથી સમાજને પાછો આપવો જોઈએ એવો વિશ્વનો વણકહ્યો ધર્મ છે. નૈતિક રીતે લબ્ધપ્રતિષ્ઠીત દરેક પટ્ટણીની આ ફરજ છે.'

***'આંખ ખૂલી તો ઉઠ્યા કહેવાય, દ્દષ્ટિ ખૂલે તો જાગ્યા કહેવાય.'***

નસીબદાર, પુણ્યશાળી, કર્મયોગી લોકો જ સારી કમાણી કરી, ખેલદિલ બની યોગ્ય નિર્ણય લઈ પોતાની સંપત્તિમાંથી સમાજ પ્રત્યેની નૈતિક જવાબદારી અદા કરી નિભાવી શકે છે.

***'જ્યાં ઈચ્છાનો વાસ, ત્યાં દુ:ખનો આવાસ***
***જ્યાં ઈચ્છાનો નાશ, ત્યાં સુખનો નિવાસ.'***

પાટણના જૈન પરિવારોને શિક્ષણ, મેડિકલ કે આર્થિક મદદ મારફત જીંદાદિલ ખુમારીભર્યું સામાજીક કાર્ય પુરતું નથી, પણ સમાજના નીચલા સ્તરને ઉપર લાવવાનો ઉમદા આશય હોવો આવશ્યક છે. હૃદય પરિવર્તન જરૂરી છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે શ્રીમંતાઈથી ચહેરો અવશ્ય બદલાય છે. હૃદયને સંતૃપ્ત કરી જરૂર પૂરતું અવશ્ય મેળવો. વધુની ઝંખના ન કરો. સ્વમાંથી સંચિત કરો પણ જ્ઞાતિભાઈઓને વંચિત ન રાખો. સાથે સાથે સ્નેહ-સ્વાર્પણ અને સર્જનહારની સાન્નિધ્યતાથી વંચિત ન રહો.

**`Some Fragrance Always Remains, In the Hands of those, who Distritbute Roses.'**

પાટણના કોઈક તો બીલ ગેટ્સ, અઝીઝ પ્રેમજી કે શોભા ગ્રુપના મેનન, વોરન બફેટની વિચારધારાનો અમલ કરી., પાટણ સમાજમાં ઝગમગતા તારલાનો ખિતાબ લેશે, મેળવશે કે અપનાવશે એવી અંતર એષણા સાથે.

**□ શ્રી વર્ધમાન નગીનદાસ શાહ**

## વ્યક્તિ વિશેષ : સ્મૃતિ સરિતાને તીરે...

# શ્રી બાબુભાઈ મણીલાલ ચોકસી

***જેમના થકી સંસ્થાનો ઈતિહાસ ઉજ્જવળ બન્યો છે, એવા એક ક્રાંતિકારી દીર્ઘદૃષ્ટા વ્યકિતના જીવન કવનમાં એક નજર કરીએ. તેમણે કરેલ અદ્દભુત કાર્યોનો વિચાર કરશું તો આજની પ્રગતિના મૂળમાં રહેલ તથ્ય અને સત્યને પામી શકશું. તેમની મહાનતાને જાણી શકીશું. ગત શતાબ્દી દરમ્યાન સંસ્થાના ઉત્થાન અને પ્રગતિમાં સહાયભુત થનાર વ્યકિત વિશેષ મહાનુભાવોના વ્યકિતત્વનું નિરૂપણ સમયાંતરે આ કોલમ અંતર્ગત આપણે કરતા રહીશું.***



દ્વિશતાબ્દી વર્ષના પ્રાંગણમાં પ્રવેશેલી આપણી માતૃસંસ્થા **શ્રી પાટણ જૈન મંડળ**ના સુવર્ણાક્ષરે કંડારાયેલ અતિતના ઈતિહાસમાં વ્યવસ્થાપક સમિતિના ૫૫ વર્ષથી વધુ સમય માટે સભાસદ રહી, પેટ્રન સભાસદ, પ્રમુખ, ટ્રસ્ટી તથા માનદમંત્રીના વિવિધ પદ શોભાવી ગૌરવાંકિત સેવા આપનાર ઉચ્ચ સામાજિક માળખાના પ્રખર હિમાયતી લોકલાડીલા **શ્રી બાબુભાઈ મણીલાલ વાડીલાલ ચોકસી**નું નામ સન્માન પૂર્વક લેવામાં કોઈ અતિશયોકિત નથી.

૧૫ મી મે ૧૯૧૫ માં પાટણ ખાતે જન્મેલ **ખજુરીના પાડાના** પનોતા પુત્ર શ્રી બાબુભાઈ મણીલાલ ચોકસીએ શાંત સામાજિક ક્રાંતિની શરૂઆતમાં સેવા, સાધના અને સંસ્કારને પોતાનો જીવનમંત્ર બનાવ્યો હતો. તે સમયે રોજિંદા જીવનમાં ટેકનોલોજીના પ્રવેશની શરૂઆત હતી. નાની વયથી જ અણધાર્યા અને અણગમતા પ્રશ્નોનો સામનો કાર્યક્ષમતા દ્વારા સંજોગ અને સમીકરણોને તથા પડકારોનો અનુભવને કામે લગાડી કૂનેહપૂર્વક કરતાં મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણ અને વ્યવસાયિક તકો ઉભી કરવાના તેઓના સતત પ્રયત્નો રહેતા, સમાજના વિવિધ વયજુથ માટે તેઓની કાર્યક્ષમતાનો ઉપયોગમાં લેવા તથા માનવતાનું સામાજિક અવમુલ્યન ન થાય તે માટે સદાય જાગૃત રહેતા.

પાશ્ચાત્ય સંસ્કૃતિની અસર વ્યાપક હોવા છતાં વિસંવાદ ટાળવાની અને વિકસતા મધ્યમ અને ઉચ્ચ મધ્યમ વર્ગ આસ્થા અને પ્રેમથી વેગળો ન થવો જોઈએ તેવી તેમની વિચારસરણી હતી. સામાજિક ઉન્નતિના પ્રશ્ને મૌન રહેવા કરતા સંવાદને તેઓ આવકારતા અને પોતાની લાગણી વ્યકત કરતા. સહાય, પ્રેમ અને સંપર્ક માટે સ્નેહસેતુ રચવાની તેમની અંગત ભાવના રહેતી. તેઓમાં બુધ્ધિ અને સંવેદના એકમેકની હરિફાઈ કરતા રહે તેવી અનન્ય પ્રતિભાના બીજ ગર્ભિત હતા, જે તેમની કાર્યક્ષમતા વધારી અનેરૂ બળ પુરૂ પાડતા. તેઓ માનતા કે સર્જકતા અને વ્યવસ્થાને બહુ બનતુ નથી હોતું છતાં જયારે એમનો મેળ પડે ત્યારે ઉત્તમોત્તમ પરિમાણો અને પરિણામો મળતા હોય છે.

પાટણ ખાતે પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરી ૧૯૩૫ માં ૨૦ વર્ષની વયે મુંબઈની સીડનહામ મહાવિદ્યાલયમાંથી તેઓ સ્નાતક થયા. તે પહેલા ૧૯૨૭ માં ઝવેરાતનો ધંધો ધરાવતા તેમના પિતાશ્રી **મણીલાલ વાડીલાલ ચોકસી**નું દુ:ખદ નિધન થયું. તેમના પરિવારમાં એક ભાઈ કરસનદાસભાઈ તથા ત્રણ બહેનો હતી. તેમની એક બહેન હસુમતીબેને, કાંતીલાલ કાપડીયા સાથે પ્રભુતામાં પગલા પાડયા. બીજા ઈન્દુમતીબેનને તેઓએ એમ.એસ. કરવા લંડન મોકલ્યા. તેમની ત્રીજી બહેન નામે તારાબેન હતા.

શ્રી બાબુભાઈના લગ્ન સંવત ૧૯૯૧ ના વૈશાખ સુદ ૧૫ ને શનિવાર, તા.૧૮-૦૫-૧૯૩૫ ના રોજ પાટણ મુકામે ચોધરીની શેરી (ફોફલીયાવાડો)ના **શ્રીમતી બાળાબેન તથા શ્રી મણીલાલ જગજીવનદાસ શાહ** (રાજકોટવાળા)ની સુપુત્રી **શ્રીમતીબેન** સાથે થયા હતા.

**શ્રી વિઠ્ઠલદાસ કાળીદાસ**ને ત્યાં પેપરના વ્યવસાયમાં ચારથી પાંચ વર્ષ નોકરી કરી. તેઓશ્રીએ સને ૧૯૪૧ માં નાનાભાઈ કરસનભાઈ સાથે કાગળનો વેપાર ચાલુ કર્યો.

૧૯૫૧ માં સ્વીડન ખાતેથી આખી પેપર મીલ અનસ્ક્રુ કરી મુંબઈ લાવ્યા. જે આજે **શ્રી જયરામભાઈ પટેલ**ના સુપુત્ર રોહિતભાઈના નામે **રોહિત પેપર મીલ** તરીકે ઓળખાય છે. તેઓશ્રી રાજનિતિમાં પણ ઉંડો રસ ધરાવતા અને ૧૯૪૬ સુધી કોંગ્રેસના અદના કાર્યકર રહ્યા હતા. આઝાદીની ચળવળના એક પ્રણેતા હતા. તે સમયે અનેક સામાજિક, શૈક્ષણિક અને ચેરીટેબલ સસ્થાઓ સાથે તેઓશ્રી સંકળાયેલા રહ્યા હતા.

માતૃસંસ્થા માટે કંઈક કરી છુટવાનો વિચાર તેમને સતત સતાવતો રહ્યો હતો. ૧૯૩૯ થી ૧૯૪૪ અને ૧૯૪૭ થી ૧૯૫૫ એમ ૧૬ વર્ષ સુધી મંડળના માનદમંત્રી તરીકે તેઓએ સેવા આપી હતી. ૧૯૫૦ થી ૧૯૬૦ દરમ્યાન **પેપર મરચન્ટ એસોશીએશનના તેઓ પ્રમુખ રહ્યા.** એસોશીએશનની અનેકવિધ પ્રવૃત્તિઓ વધારી ઉન્નતિ, કીર્તિ અને પ્રગતિ માટે તેઓએ ખંત, પરિશ્રમ અને વ્યવહારૂ કક્ષાની નિ:સ્વાર્થ સેવા આપી. સ્પષ્ટ અને અડગ ઝીણવટભર્યા માર્ગદર્શક થકી ઉગતી પેઢીના તેઓ ધ્રુવતારક બની રહ્યા. વેપાર ઉદ્યોગ પર અન્યાયી અને વિપરિત અસર પાડતા વિરોધી તત્ત્વોનો હિંમતપૂર્વક જાહેરમાં સામનો કરતા અને કોઈની પણ શેહશરમમાં તેઓ કયારેય આવતા નહિ.

સરકારી, કસ્ટમ તથા ઈમ્પોર્ટ ટ્રેડ કન્ટ્રોલ ખાતામાં વેપારના હિતને

લક્ષમાં રાખી પ્રગતિના પંથે મક્કમ પગલા દ્વારા એસોશીએશનને મજબુત અને સ્થાયી બનાવ્યું. (૧૯૫૨ થી ૧૯૫૫)

પાટણ છાત્રાલય-બાળાશ્રમમાં તેઓ વર્ષ ૧૯૪૫ થી ૧૯૫૨ દરમ્યાન વિવિધ હોદ્દાઓ શોભાવ્યા. મંડળની અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાઈ તેના સંચાલન અને વિકાસ માટે તેઓ સતત જાગૃત રહેતા. નીડરતા, વાસ્તવિકતાની સભાનતા, પરિશ્રમશીલતા જેવા ઉત્કૃષ્ટ ગુણો તેમના જીવનમાં નખશીખ વણાયેલા હતા. આ અરસામાં **શ્રી પાટણ જૈન મંડળ**ના ત્રણ બિલ્ડીંગ મિલીટરી પાસેથી પાછા મેળવવામાં તેઓએ અગત્યનો અને ઉત્કૃષ્ટ ભાગ ભજવી, અનેક જટિલ પ્રશ્નોનો વ્યવહારિક આંતરસુઝ અને કૌશલ્યપૂર્વક ઉકેલ આણ્યો હતો. તેમના સત્કાર્યો સફળતામાં એક વધુ પ્રકરણ ઉમેરાયું.

